# 2019ની સ્થાનિક ચૂંટણી માટે નોંધણી

**સ્થાનિક ચૂંટણીઓ એ તક હોય છે કે જ્યારે આપણે નક્કી કરીએ છીએ કે આપણી પરિષદો અને આરોગ્ય મંડળોમાં આપણું પ્રતિનિધિત્વ કોણ કરશે. જેનું પણ નામ મતદાર યાદીમાં હોય તે સ્થાનિક ચૂંટણીમાં મત આપી શકે છે. ચૂંટણી આ વર્ષે ઓકટોબરમાં ટપાલ મતથી યોજવામાં આવશે.**

---

ચૂંટણી શહેર અને જિલ્લા પરિષદો, પ્રાદેશિક પરિષદો અને જિલ્લા આરોગ્ય મંડળો માટે છે. ન્યૂઝીલેન્ડના કેટલાંક ભાગોમાં, ચૂંટણી સ્થાનિક અને સમુદાય મંડળો, પરવાના આપનાર ટ્રસ્ટો અને કેટલાંક અન્ય સંગઠનો માટે પણ થશે.

સ્થાનિક ચૂંટણીમાં મત આપી શકો અને પોતાની વાત મૂકી શકો એ માટે તમારે નોંધણી કરાવવાની જરૂર છે.

જો તમે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના છો, ન્યૂઝીલેન્ડના નાગરિક અથવા કાયમી નિવાસી છો, અને તમારા જીવનમાં અમુક સમયે સતત એક વર્ષથી વધુ ન્યૂઝીલેન્ડમાં રહ્યા છો તો તમે મત આપવા માટે નોંધણી કરાવી શકો છો.

મતદાન માટે શક્ય તેટલા વધુ લોકોની સમયસર નોંધણી થઈ જાય તેની ખાતરી કરવા માટે, મતદાર યાદીમાં હાલ નામ હોય એવી દરેક વ્યક્તિને 29 જૂનથી નોંધણી સુધાર પૅક ટપાલથી મોકલવામાં આવશે. તમારે ફક્ત એટલું તપાસવાની જરૂર છે કે તમારી વિગતો સાચી છે કે નહીં. જો એ બરાબર હોય તો તમારે આગળ કંઈ કરવાની જરૂર નથી. જો કંઈ સુધારો કરવાનો હોય, તો ફેરફારો કરો અને અમને તે તરત જ પાછા મોકલી આપો.

જો તમને સોમવાર 8 જુલાઈ સુધીમાં પૅક ન મળે, તો એનો અર્થ એ છે કે મતદાન માટે તમારું નામ નોંધાયું નથી અથવા તમારી વિગતો સુધારેલી નથી. નોંધણી કે તમારી વિગતોમાં સુધાર માટે તમારે નવું નોંધણી પત્રક ભરવું પડશે. **vote.nz** પર ઑનલાઈન જાઓ અથવા તમને એક પત્રક મોકલવામાં આવે તે માગણી કરવા **0800 36 76 56** પર ફોન કરો.

ચૂંટણી સ્થાનિક પરિષદો દ્વારા યોજવામાં આવે છે અને સપ્ટેમ્બરના અંતમાં તેઓ મતદાર યાદીમાં નામ હોય એવા તમામ મતદારોને ટપાલથી મતદાન પત્રો મોકલશે.

**જો તમે શુક્રવાર 16 ઑગસ્ટ સુધીમાં નામ નોંધાવ્યું ન હોય તો તમને ટપાલથી મોકલેલ તમારા મતદાન પત્રો મળશે નહીં.** જો તમે આ તારીખ પછી નોંધણી કરાવશો, તો તમારે સ્થાનિક પરિષદના ચૂંટણી અધિકારીને ખાસ મતદાન પત્રો માટે વિનંતી કરવી પડશે.



મતદાન માટે નોંધણી અંગે વધુ માહિતી મેળવવા આ વેબસાઈટ જુઓ **vote.nz**

સ્થાનિક ચૂંટણીમાં મતદાન અંગે વધુ માહિતી મેળવવા આ વેબસાઈટ જુઓ **vote2019.co.nz**

Local ELECTIONS